BHAGWATI

# BHAGWATI AUTOCAST LIMITED

**(CIN: L27100GJ1981PLC004718)**

**Regd. Office: Survey No.816, Village: Rajoda, Nr. Bavla, Dist. Ahmedabad-382220, Gujarat, India**

**Phone: +91 2714 232283 / 232983 / 232066 E-mail: cs@bhagwati.com Website: www.bhagwati.com**

## ADDENDUM TO THE NOTICE OF 40th ANNUAL GENERAL MEETING

This is with reference to the Notice dated 23rd May, 2022 sent to the members for convening 40th Annual General Meeting ('AGM') of Bhagwati Autocast Limited ('Company')scheduled to be held on Thursday, 22nd September, 2022 at 03:00 p.m. (IST) through Video Conferencing (VC) / Other Audio Visual Means (OAVM). The AGM Notice and the Annual Report has already been sent to all the Members whose e-mailaddresses are registered with the Company / RTA/ Depository Participants (DP) in compliance with the provisions of the Companies Act, 2013 ("the Act') read with the Rules made thereunder and MCA Circulars dated April 8, 2020, April 13, 2020, May 5, 2020, January 13, 2021, December 14, 2021 and May 5, 2022(collectively 'MCA Circulars').

Subsequently, on recommendation of Nomination and remuneration committee, the Board of directors of the Company proposed through circular resolution on 30thAugust, 2022 for change in designation of Dr. Pravin N. Bhagwati (DIN: 00096799) in the category of Non-Executive Director (Promoter) and Chairman on the board of the Company effective from 1st October, 2022 at the ensuing 40th AGM, as the terms of appointment of Dr. Pravin N. Bhagwati as Jt. Managing Director will expire on 30th September, 2022. Accordingly, as per the Companies Act, 2013 read with Rules made thereunder, the Company is required to inform the members about the above referred business and the notice of 40th AGM is amended by adding additional agenda Item No. 6 for change in designation of Dr. Pravin N. Bhagwati as Non-Executive Director (Promoter) and Chairman on the board of the Company effective from 1st October, 2022.

The said addendum to the AGM Notice for additional Agenda Item No. 6 along with explanatory statements available on Company's website at www.bhagwati.com and can also be downloaded from the same. This addendum to the AGM Notice shall form an integral part of notice dated 23rd May,2022 circulated to the Members of the Company.

The Company shall take necessary action for updating the aforesaid Addendum to the AGM Notice on the website of(Ithe BSE Limited (BSE) at www.bseindia.com, and (ii) National Securities Depository Limited (NSDL) at www.evoting.nsdl.com fortheir information and necessary action. Members and other stakeholders are requested to read the 40th AGM Notice alongwith this addendum.

**For, Bhagwati Autocast Limited**

**Date :** 31.08.2022
**Place :** Ahmedabad

Sd/-
Mehul Naliyadhara
Company Secretary

# ભગવતી ઓટોકાસ્ટ લિમિટેડ

BHAGWATI

(CIN: L27100GJ1981PLC004718)

રજી. ઓફિસઃ સર્વે નંબર ૮૧૬, ગામઃ રજોડા, બાવળા નજીક, અમદાવાદ-૩૮૨૨૨૦, ગુજરાત, ભારત.
ફોનઃ +૯૧ ૨૭૧૪ ૨૩૨૨૮૩/૨૩૨૯૮૩/૨૩૨૦૬૬ E-mail: cs@bhagwati.com Website: www.bhagwati.com

## ૪૦મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસમાં ઉમેરો

આ, ૨૩મી મે ૨૦૨૨ની નોટિસ સભ્યોને મોકલવામાં આવેલ, ભગવતી ઓટોકાસ્ટ લિમિટેડ (કંપની) ની ૪૦મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) તારીખ ગુરૂવાર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ બપોરે ૩:૦૦ કલાકે વિડિયો કોન્ફોરન્સિંગ (VC) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા રાખેલ છે તે નોટિસના સંદર્ભમાં છે. કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ (અધિનિયમ)ની જોગવાઈઓ સાથે તેની હેઠળ બનાવેલા નિયમો અને કોર્પોરેટ કાર્યમંત્રાલયના તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦, ૫મે, ૨૦૨૦, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧, ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ અને ૫મે, ૨૦૨૨ના રોજ જારી કરેલા પરિપત્રો (સામુહિક રીતે MCA પરિપત્રો) પ્રમાણે એજીએમ નોટિસ અને વાર્ષિક અહેવાલ પહેલાથીજ એવા તમામ સભ્યોને મોકલી આપવામાં આવ્યા છે કે જેમના ઈ-મેઈલ સરનામાં કંપની / આરડીએ / ડિપોઝિટરી પાર્ટિસિપન્ટસ (ડીપી) સાથે નોંધાયેલા છે.

૪૦મી એજીએમની નોટિસ મોકલાઈ ગયા બાદ, નોમિનેશન અને મહેનતાણું સમિતિની ભલામણ પર, કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ પરિપત્ર ઠરાવ દ્વારા, આગામી ૪૦મી એજીએમમાં ૧ ઓક્ટોબર, ૨૦૨૨ થી ડૉ. પ્રવિણ એન. ભગવતી (DIN: 00096799) નો હોદ્દો બિન-કાર્યકારી નિયામક (પ્રમોટર) અને કંપનીના બોર્ડના ચેરમેન તરીકે રહેશે એવી દરખાસ્ત કરી હતી, કારણકે ડૉ. પ્રવિણ એન. ભગવતી ની જૂની નિમણૂકની શરતો મુજબ તેમની જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટરની મુદત તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સમાપ્ત થશે. કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ સાથે તેની હેઠળ બવાવેલા નિયમો મુજબ, કંપનીએ સભ્યોને ઉપરોક્ત સંદર્ભિત વ્યવસાય વિશે જાણ કરવી જરૂરી છે અને તે માટે ૪૦મી એજીએમની નોટિસમાં ફેરફાર માટે વધારાનો વ્યવસાય નંબર ૬, તારીખ ૧ ઓક્ટોબર, ૨૦૨૨ થી ડૉ. પ્રવિણ એન. ભગવતી (DIN: 00096799)નો હોદ્દો બિન-કાર્યકારી નિયામક (પ્રમોટર) અને કંપનીના બોર્ડના ચેરમેન તરીકે ઉમેરીને સુધારો કરવામાં આવ્યો છે, જેની નોંધ લેવી.

એજીએમ નોટિસમાં જણાવેલ નિવેદનોજોડે વધારાનો વ્યવસાય નંબર ૬ પરિશિષ્ટ સાથે કંપનીની વેબસાઈટ www.bhagwati.com પર ઉપલબ્ધ છે અને તેમાંથી ડાઉનલોડ પણ કરી શકાય છે. આ પરિશિષ્ટ કંપનીના સભ્યોને મોકલવામાં આવેલી નોટિસ તારીખ ૨૩મી મે, ૨૦૨૨ની એજીએમ નોટિસનું અભિન્ન ભાગ રહેશે.

એજીએમ નોટિસમાં ઉપરોક્ત પરિશિષ્ટને અપડેટ કરવા અને જરૂરી કાર્યવાહી માટે (૧) બીએસઈ લિમિટેડ (BSE) ની વેબસાઈટ www.bseindia.com પર અને (૨) નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) ની વેબસાઈટ www.evoting.nsdl.com પર મુકવા માટે કંપની જરૂરી પગલાં લેશે.

સભ્યો અને અન્ય હિસ્સેદારોને ૪૦મી એજીએમની નોટિસ આ પરિશિષ્ટ સાથે વાંચવા વિનંતી કરવામાં આવે છે.

**ભગવતી ઓટોકાસ્ટ લિમિટેડ વતી,**

**તારીખઃ** ૩૧.૦૮.૨૦૨૨

સહી/-

**સ્થળઃ** અમદાવાદ

મેહુલ નળિયાધરા
કંપની સેક્રેટરી